## |- ફોજદારી કેસ નં: 3180/2003 ના કામે આંક– ૧ નીચે હુકમ |-

(૧) આ કામે કેસનું રેકર્ડ વંચાણે લવામાં આવે તો, આ કામના મુળ ફરીયાદી ફુડ ઈન્સ્પેકટરશ્રીનાઓ ધ્વારા હાલની આ ફરીયાદ ગઈ તા 19/4/2003 ના રોજઆરોપી/આરોપીઓની સામે આ કોર્ટ સમક્ષ ફરીયાદ આપતા મારા પુરોગામી વિ.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓ ધ્વારા આરોપી/આોપીઓની સામે સમન્સ કાઢવાનો હુકમ કરવામાંઆવેલ છે.

(૨) આ કામે કેસ સને 2003 થી પેન્ડીગ છે. આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–**૧૬** થી પુરસીસ આપવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષે જાહેર કરવામાં આવેલછે કે,
'' અમોને અમારી વડી કચેરી તરફથી મળેલ સુચના તેમજ એક્ષપર્ટ કમીટીનીનોધને ધ્યાનમાં રાખી સદર કેસના પી.એ. રીપોર્ટનો અભ્યાસ કરવા, પી.એ. રીપોર્ટ મુજબ સદર કેસ ઈન્જરીયસ ટુ હેલ્થ (અનસેફ) ની કેટેગીરીમા આવતો ન હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ધ્વારા ક્રિ. અપીલ નં: ૨૧૪/૨૦૧૬ ના ચુકાદા મુજબ આ કેસમાં પણ આરોપીને માત્ર દંડની શિક્ષા કરી કેસનો નિકાલ કરવામા આવે તો, તેમાં ફરીયાદ પક્ષને કોઈ વાંધો તકરાર નથી તે આ પુરસીસથી જાહેર કરીએ છીએ..''

(૩) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના ધ્વારા ક્રિ. અપીલ નં: ૨૧૪/૨૦૧૬ ના ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો,

'' It is not in dispute that the charge against the appellant was only of substandisation of goods. Mr. Sushil Kumar Jain, learned senior counsel appearing for the appellant submits that though the appellant has some prima facie case even on merits, he would begiving up the plea on merits and his only submission is about the sentence which he has been imposed by the courts below. He has, 2 in this behalf, argued that there has been an amendment in the Act by the General Amendment Act 34 of 1976 whereby Section 16A was added and under the said section only fine is leviable. He drawn our attention to the judgment of this Court in T. Barai v. Henry Ah Hoe and Another (1983 (1) SCC 177 ) wherein this court held that since the amendment was beneficial to the accused persons, it can be applied even with respect to earlier cases as well which are pending the Court. In the said judgment, the Court held as under:''22. It is only retroactive criminal legislation that is prohibited under Article 20(1) is that no person shall be convicted of any offence except for violation of a law in force at the time of the commission of the act subjected to a penalty greater than that which might have been inflicted under the law in force at the time

of the commission of the offence. It is quite clear that insofar as the Central Amendment Act creates new offences or enhance punishment for a particular type of offence no person can be convicted by which ex post facto law nor can be enhanced punishment prescribed by the amendment be applied. But insofar as the Central Amendment Act reduces the punishment for an offence punishable under Section 16(1) (a) of the Act, there is no reason why the accused should not have the benefit of such reduce punishment. The rule of beneficial construction requires that even ex post facto law of such a type should be applied to mitigate the rigour of the law. The principle is based bot on sound reason and common sense.....

(૪) આમ, હાથ ઉપરના કેસમાં ઉપરોકત તમામ સંજોગો અને હકીકતને લક્ષમા લેવામાં આવે તો,આરોપી/અરોપીઓ સામે આક્ષેપીત ગુન્હો સબ– સ્ટાન્ડર્ડ/મિસ બ્રાન્ડેડ ખાદ્યપદાર્થને લાગતો છે. તેમજ ઉપરોકત ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતના દ્વારા આરોપી/આરોપીઓની સામે આક્ષેપીત ગુન્હાની સજાની જોગવાઈમા વિધાન મંડળના દ્વારા, જો કોઈ સુધારો કરવામા આવે તો, આરોપી/આરોપીઓના લાભમાં જો આ સુધારાનો લાભ મળવાપાત્ર હોય તો, ચોકકસપણે આરોપીઓને મળી શકે છે.

આજરોજ આરોપી/આરોપીઓએ આંક – ની સ્વેચ્છાએ ગુન્હા કબુલાતની પુરસીસ રજુ રાખેલી છે. જેમાં તેઓએ આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપિત ગુન્હાના સ્વેચ્છાએ કબુલ રાખીને આરોપી/આરોપીઓ કુટુંબ કબીલા વાળા માણસ હોય, તેઓથી અજાણતામાં ગુન્હો થયેલ હોવાની રજુઆત કરીને, દયાની અરજ ગુજારેલ છે.
આજરોજ હાથ ઉપરના કેસને સ્પેશ્યલ સીટીગ ઓફ મેજીસ્ટ્રેટ કોર્ટમાં હાથ ઉપર લેવામા આવેલ છે. આ કામે આરોપી/આરોપીઓ હાજર છે. પરંતુ આરોપી/આરોપીઓ ગુન્હા કબુલાતની પુરસીસમાં ફરીયાદ પક્ષના દ્વારા મુકવામા આવેલ તહોમતનો સ્વિકાર કરેલ છે. તેમજ તેમજ સ્ પેશ્યલ સીટીગ ઓફ મેજીસ્ટ્રેટ કોર્ટના આયોજન પાછળનો હેતુ ધ્યાને લેવામા આવે તો, જુના કેસોનો ઝડપથી ન્યાયીક પ્રિ્યાથી નીકાલ થાય અને કેસોનું ભારણ ઘટે તે હેતુસર જયારે સ્ પેશ્યલ સીટીગ ઓફ મેજીસ્ટ્રેટ કોર્ટમાં આજરોજ કેસને હાથઉપર લેવામા આવેલ છે જે તમામ સંજોગો અને હકીકતને ધ્યાને લઈને ીચે મુજબનો હુકમ કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.તેમજ ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ હાલના કેસનું તમામ રેકર્ડ તથા સંજોગો અને હકીકત ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

૧. /આરોપીઓએ તહોમતનો સ્વિકાર કરેલ હોય ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૬(૩)જોગવાઈ ધ્યાને લઈ, આરોપીઓને પીએફ.એ. એકટ ૧૯૫૪ ની કલમ ૭ અને ૧૬ ના ભંગ બદલ દોષિત ઠરાવી, કલમ–૧૬ મુજબ ઉપરોકત તમામ સંજોગો અને હકીકત ધ્યાને **દરેક આરોપીને** રૂા. ૩૦૦૦/– **(ત્રણ હજાર પુરાનો) કુલ રૂ.૬૦૦૦/**-દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. તેમજ આરોપીઓ દંડની રકમ ભરે નહી તો દિવસ ૩૦ ની સાદી કેદની સજા ભોગગવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી/આરોપીઓએ જામીન ખત તથા જાતમુચરકા ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ), ની જોગવાઈ મુજબ આપવા.

૪. અપીલ સમય વીત્યાબાદ આ કામે લેવામા આવે ખાદ્ય પદાર્થના નમુનામા સેમ્પલનો નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા: ૧૪/૧૨/૨૦૧૯ ના રોજ કોર્ટમાં વાંચી સભળાવી જાહેર કર્યો.

(એસ.વી.મનસુરી)
ચીફ જયુડી. મેજી. - રાજકોટ
કોડઢજીજે ૦૦૭૦૦

રાજકોટ
તા. ૧૪/૧૨/૨૦૧૯